**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
મ્યુનિસિપલ કમિશનરશ્રી ની સેન્ટ્રલ ઓફિસ
સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

**સરક્યુલર નં: ૯, તા. ૧૮.૦૫.૨૦૧૨**

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઇજનેર વિભાગ દ્વારા રોડ, બિલ્ડીંગ, ડ્રેનેજ, પાણી, લાઇટ વગેરે સુવિધાનાં કામો કરાવવામાં આવે છે. સંબંધિત વિભાગો દ્વારા તેમજ ઝોન કક્ષાએ કરાવવામાં આવતાં કામો માટે એકસુત્રતા જળવાય તે હેતુથી નીચે દર્શાવેલ માર્ગદર્શીકા પ્રમાણે અમલ કરવા તમામ અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવે છે.

૧. કોઇ પણ કામનો જયારે અંદાજ બનાવવામાં આવે ત્યારે Current / Latest S.O.R.(Shedule of rates) ને ધ્યાનમાં લઇને જ બનાવવાનો રહેશે તથા આ અંગે પ્રોજેકટ/ઝોનલકામના અંદાજના Abstract માં ડે.સીટી એન્જી.શ્રી અંદાજમાં દર્શાવેલ ભાવ S.O.R. મુજબ બરાબર છે તે મતલબનુ સર્ટીફિકેટ આપવાનુ રહેશે. સોફટવેર ઇન્સ્ટોલેશન બાદ ફરજીયાતપણે સમગ્ર ઇજનેર વિભાગ દ્વારા તે મોડયુલનો ઉપયોગ કરવાનો રહેશે.

૨. જે આઇટમમાં ખાતાએ એપ્રુવ રેટ દર્શાવી અંદાજ તૈયાર કરેલ હોય તો આ આઇટમનો સમાવેશ S.O.R. માં થતો નથી તે મતલબનુ સર્ટીફિકેટ પ્રોજેકટના અંદાજના Abstract માં એડી.સીટી એન્જી.શ્રીઅને ઝોનલ કામના અંદાજના Abstract માં એડી.સીટી એન્જીશ્રી દવારા આપવાનુ રહેશે તથા આ Non S.O.R. આઇટમના રેટ અંગેના રેટ એનાલીસીસ ફાઇલમાં ચોકકસ પણે સામેલ રાખવાના રહેશે.

૩. રોડ રીસરફેસ/રોડ રીપેરીંગના કામના અંદાજ મંજુર કરતી વખતે ડે.સીટી.એન્જી.શ્રી દવારા તે જગ્યાનો રોડનુ રીસરફેસ/રીપેરીંગનુ કામ Defect Liabilities અથવા Free Maintainence Period માં આવતુ નથી તે મતલબનુ સર્ટીફિકેટ આપવાનુ રહેશે.તથા સદર રોડ છેલ્લે કયારે રીસરફેસ/રીપેરીંગ કરેલ છે તેની વિગત પણ આપવાની રહેશે.

૪. ટેન્ડર તૈયાર કરવામાં આવે તે વખતે TERMS AND CONDITIONS RELATING TO FINANCIAL MATTER તમામ કામના ટેન્ડરમાં UNIFORM રાખવાની રહેશે.

૫. મ્યુ.કોર્પોરેશનના ઇજનેર ખાતાના કામમાં Consultant/T.P.I./P.M.C. નો Technical Scope and Financial Matter related Scope સક્ષમ સત્તા પાસે મંજુર કરાવવા, સીટી ઇજનેરશ્રી દ્વારા સમગ્ર A.M.C. .માટે કન્સલ્ટન્ટની પેનલની નિમણુંક થાય અને તે પૈકી કામની જરૂરીયાત અનુસાર જે તે કામ પેટે મ્યુ.કમિ.શ્રીની મંજુરી મેળવવાની રહેશે. વધુમાં ખાસ કિસ્સામાં પેનલ સિવાયના અન્ય કન્સલ્ટન્ટ/ TPI/PMC ની નિમણુંક કરવાની થાય તો મ્યુ.કમિ.શ્રીની મંજુરી મેળવવાની રહેશે. કન્સલ્ટન્ટ પેનલ માટેના ટેન્ડર/EOI માં તેમની Technical/Financial Matter નો સ્કોપ define કરેલો હોવો જરૂરી છે. તેમજ કામગીરીની સોંપણી બાદ કન્સલ્ટન્ટ/ TPI/PMC દ્વારા કામની ગુણવત્તા તથા સ્કોપમાં દર્શાવેલ કામગીરીમાં વિસંગતતા હોય તેવા કિસ્સામાં પેનલ્ટી અંગેનો કલોઝ રાખવાનો રહેશે.

૬. સક્ષમ સત્તા દ્વારા ઓફર/કવોટેશેન મંજુર કરવામાં આવ્યા બાદ દિન-૩ માં વર્ક ઓર્ડર આપવો તથા વર્કઓર્ડરના દિન-૩ બાદ કામની સમયમર્યાદા ગણવી.

સક્ષમ સત્તા દવારા ટેન્ડર રૂ.૧૦ લાખ સુધીનુ મંજુર કરવામાં આવ્યા બાદ તથા ખાતામાં ઠરાવ આવ્યાના દિન-૩ માં એલ.ઓ.આઇ. આપવો ત્યારબાદ દિન-૧૦માં એસ.ડી.જમા લઇ વર્ક ઓર્ડર આપવો તથા વર્ક ઓર્ડર આપ્યા તારીખથી સમય મર્યાદા ગણવાની રહેશે. દિનઃ-૧૦(દશ)માં એસ.ડી. જમા લઇ વર્કઓર્ડર આપવાની જવાબદારી ખાતાની રહેશે.

સક્ષમ સત્તા દવારા ટેન્ડર રૂ.૧૦ લાખથી વધુ રકમનુ મંજુર કરવામાં આવ્યાબાદ તથા ખાતામાં ઠરાવ આવ્યાના દિન-૩ માં એલ.ઓ.આઇ. આપવો ત્યારબાદ દિન-૧૫માં એસ. ડી. જમા લઇ વર્ક ઓર્ડર આપવો તથા વર્ક ઓર્ડર આપ્યા તારીખથી સમય મર્યાદા ગણવાની રહેશે. દિનઃ-૧૫(પંદર)માં એસ.ડી. જમા લઇ વર્કઓર્ડર આપવાની જવાબદારી ખાતાની રહેશે.

તથા કરાર પેપરમાં ઉપર મુજબ જયારથી સમયમર્યાદા શરુ થાય તે તારીખ દર્શાવવાની રહેશે.

૭. મંજુર થયેલ ટેન્ડર રકમ ઉપર ૫ ટકા સીકયોરીટી ડિપોઝીટ લેવામાં આવે છે પરંતુ મંજુર થયેલ ટેન્ડર કરતા વધુ રકમનો ખર્ચ થાય ત્યારે જયારે રીવાઇઝ ટેન્ડર કરાવવામાં આવે ત્યારે મંજુર થયેલ ટેન્ડરની રકમ કરતા વધતી રકમ પુરતી ૫ ટકા લેખે સીકયોરીટી ડિપોઝીટ લેવાની રહેશે.

કોઇ પણ કામમાં સીકયોરીટી ડીપોઝીટ પેટે બેંક ગેરેન્ટી લેવામા આવેલ હોય તો તેની વેલીડીટી કામની પૂર્ણ થયેલ સમયમર્યાદા સુધી રાખવાની રહેશે તથા કોઇ કારણસર બેંકગેરેન્ટીની વેલીડીટી પુર્ણ થયેલ હોય ત્યારે કોન્ટ્રાકટર દવારા જયાં સુધી નવી બેંક ગેરેન્ટી રજુ ન કરે/રીન્યુ ન કરે ત્યાં સુધી FAS માં Cash Flow release ન થાય તે મુજબનો કન્ટ્રોલ ચેક નાણાખાતાએ મુકવાનો રહેશે.

જો કોઇ વખત બેંકગેરેન્ટીની વેલીડીટી પુર્ણ થયેલ હોય ત્યારે કોન્ટ્રાકટરે સમયસર બેંકગેરેન્ટી રીન્યુ કરવાની હોય છે પરંતુ કોઇ કેસમાં કોન્ટ્રાકટરે સમયસર રીન્યુ કરેલ ન હોય અથવા સમયસર બેંક ગેરેન્ટી આપેલ ન હોય આ મુજબની નાણાકીય અનિયમિતતા અંગે તા-૨૦.૧.૨૦૧૧ના રોજ ડાયરેકટરશ્રી(JnNURM), સીટી.એન્જી.શ્રી તથા એડી.સીટી.એન્જી.શ્રીની હાજરીમાં નકકી થયા મુજબ જેટલા સમયની બેંક ગેરેન્ટી આપવાની હોય તેટલા સમયનુ આપવાની થતી બેંક ગેરેન્ટીની રકમ પર વાર્ષીક ૪ ટકા લેખે વ્યાજ પેનલ્ટી સ્વરુપે લેવાનુ નકકી થયેલ જે મુજબ અમલ કરવામાં આવેલ છે તે મુજબનો કાયમી ધોરણે અમલ કરવા અંગે તથા Performance Bond અંગે આપવાની થતી બેંકગેરેન્ટી અંગે પણ ઉપર મુજબ અમલ કરવાનો રહેશે.

૮. ટેન્ડરની શરત મુજબ રીટેન્શન મનીની કપાત કરવાની થતી હોય તો કોન્ટ્રાકટરને ચુકવવાની કુલ રકમ ઉપર (જેમા ભાવ વધારો તથા એકસ્ટ્રા આઇટમ સાથેની રકમ)કપાત કરવાની રહેશે.

૯. Consumption Register (cement,Steel, & bitumen) ફરજીયાત પણે નિયત ફોર્મેટમાં નિભાવવાના રહેશે. Cement, Steel, & Bitumen ની જે બ્રાન્ડ દર્શાવેલ હોય તે જ બ્રાન્ડ વપરાશમાં લેવાના રહેશે ટેન્ડરમાં દર્શાવેલ બ્રાન્ડ સિવાયની બ્રાન્ડ જો વપરાશમાં લીધેલ હોય તો તેની પર ભાવ તફાવત/વધારો ચુકવવાનો રહેશે નહી સિવાય કે અનિવાર્ય સંજોગોમાં બીજી બ્રાન્ડ વપરાશમાં લેતા અગાઉ ટેન્ડરમાં દર્શાવેલ બ્રાન્ડને Equivalent છે તે મુજબના પુરાવા સાથે મ્યુ. કમિશ્નરશ્રીની પુર્વ મંજુરીથી વાપરેલ હોય.

જો કોઇ કામમાં કોન્ટ્રાકટર તરફથી Cement, Steel, & Bitumen ની ખરીદીના ઓરીજીનલ બિલો ફરજીયાત પણે રજુ કરવાના રહેશે જેમાં ડે.સીટી.એન્જી. શ્રી દવારા કયા ઓર્ડર પેટે તથા કયા કેમ પેટે કેટલા પ્રમાણમાં જથ્થો સ્વીકારેલ છે તે અંગેનુ સર્ટીફિકેટ ઓરીજીનલ બિલ ઉપર આપવાનુ રહેશે જે ફાઇલમાં ઓરીજીનલ બિલ સર્ટીફાઇડ કરેલ નહી હોય તો તે જથ્થાનુ પેમેન્ટ તથા તેની ઉપર ભાવ વધારો આપવામાં આવશે નહી.

૧૦. કામ પુર્ણ થયા બાદ ફાયનલબિલ બનાવવામા આવે તે વખતે ફાયનલ બિલમાં ચુકવવાની રકમ ઓછામાં ઓછી મંજુર થયેલ ટેન્ડરના ૧૦ ટકા બાકી હોવી જોઇએ એટલે કે રનીંગ બિલના પેમેન્ટમાં ૯૦ ટકા સુધી જ પેમેન્ટ થઇ શકશે. ફાયનલ બિલ બન્યા બાદ એડી.સીટી એન્જી.શ્રીએ નિયત સમયમર્યાદામાં તથા પ્રોપર ફોર્મેટમાં Completion Certificate આપવાનુ રહેશે ત્યારબાદ જ ટેન્ડર શરત મુજબ બાકીનુ ચુકવણુ કરવાનુ રહેશે.જે કામની રકમ રૂ.૧ કરોડથી વધુ હોય ત્યારે ખાતાએ ટેન્ડરની તમામ શરતોનુ ચેકીંગ કરી ફાયનલબિલ તૈયાર કરી સમગ્ર રેકર્ડ સાથે ઓડિટખાતા મારફતે નિયત સમયમર્યાદામાં ઓડિટ કરાવવાનુ રહેશે.

૧૧. કોઇ પણ કેપીટલ પ્રોજેકટનુ કામ પુર્ણ થયા બાદ ટેન્ડરની શરત મુજબ તેનો Defect liability period ચાલુ હોય તે સમયમાં Operation & Maintenance ની કામગીરી સોપવાની હોય તો Maintenance ની કઇ કઇ કામગીરી કરવામાં આવશે જેની વિગતવાર માહિતી દર્શાવવાની રહેશે.

૧૨. ટેન્ડરમાં Milestone recovery (Time આધારીત ) ની શરત રાખવામાં આવેલ હોય છે જેનો અમલ ખાતાએ કરવાનો હોય છે પરંતુ કામગીરીના અમલીકરણ દરમ્યાન અ.મ્યુ.કો.ના કારણોસર કામમાં વિલંબ થયેલ હોય જેની જાણ મ્યુ.કમિશ્નરશ્રીને કરેલ હોય તથા સક્ષમસત્તાએ મુદતવધ કરેલ હોય તે વખતે સમગ્ર કામ Extended Time limit માં પુર્ણ થયેલ હોય તો Milestone recovery (Time આધારીત ) રનીંગબિલ/ફાયનલબિલમાંથી કપાત કરવાની રહેશે નહી.

૧૩. મંજુર થયેલ ટેન્ડરની સમયમર્યાદામાં કામગીરી પુર્ણ ન થાય તો જેટલા દિવસ મોડી કામગીરી કરેલ હોય તેટલા દિવસની પેનલ્ટી ટેન્ડરરકમ(contract value)ના ૦.૧ ટકા મુજબ પ્રતિ દિવસ મુજબ મહત્તમ ટેન્ડરરકમ(contract value)ના ૧૦ ટકા પેનલ્ટી વસુલ કરવામાં આવે છે પરંતુ હવે પછીના તમામ ટેન્ડરમાં મંજુર થયેલ સમયમર્યાદા બાદના ખરેખર બાકી કામની રકમના ૧૦ ટકા લેખે Liquidated Damages (પેનલ્ટી) વસુલ કરવાની શરત હવે પછી નવા ટેન્ડરમાં રાખવાની રહેશે.

૧૪. કામના અમલીકરણ અંગે કોન્ટ્રાકટર દવારા જે જગા ઉપર કામગીરી કરવાની થતી હોય તે જગા ઉપર સાઇટ ઓફિસ બનાવેલ હોય તો તે જગાનુ ભાડુ વસુલ કરવાનુ રહેશે નહી. તથા મજુરો માટે જે સાઇટ પર કામ કરવાનુ હોય તે સાઇટ પર ટેમ્પરરી રહેવા માટે ઝુંપડા/કાચા મકાનો બનાવેલ હોય તો તે જગાનુ ભાડુ લેવાનુ થશે નહી.

૧૫. જે કામની સમયમર્યાદા ૧૨ માસથી ઓછી હોય તેવા ટેન્ડરમાં Steel/Cement ના Price Escalation/Price variation ની શરત રાખવાની રહેશે નહી તથા ૧૨ માસથી વધુ સમયના કામમાં Price Variationની નીચે મુજબની શરત રાખવાની રહેશે.

Price variation/price escalation for Steel/Cement :
When Basic rate is Less than Procurement rate:- Star Rate Method (RBI price Index) મુજબ Price Variation steel & cement માટે ચુકવવા અંગેની શરત રાખવાની રહેશે.

When Basic rate is Grater than Procurement rate :- જે કામમાં કોન્ટ્રાકટરે Steel/Cement બેઝીક રેટ કરતા ઓછા ભાવથી ખરીદેલ હોય ત્યારે બેઝીકરેટમાંથી ખરીદીનો

રેટ બાદ કરી જે રકમ આવે તે રકમ Price Variation પેટે રીકવર કરવા અંગેની શરત રાખવાની રહેશે.

૧૬. Price variation/price escalation for Bitumin : જે કામમાં કોન્ટ્રાકટરે Bitumin ની ખરીદીનો રેટ બેઝીક રેટ કરતા વધુ/ઓછો હોય તો I.O.C./B.P.C.L./H.P.C.L. ના ભાવ સાથે એડજસ્ટ કરી ભાવ તફાવત ચુકવવો અથવા રીકવર કરવાનો રહેશે.

ઉપરોકત સુચનાઓનો તમામે ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

સહીઃ ડો.ગુરૂપ્રસાદ મહાપાત્ર
મ્યુનિસિપલ કમિશનર